કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦- ગુજરાત-ભારત

# કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ દ્વારા વડતાલધામ ખાતે "ખાસ શિબિર" નું આયોજન

કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી , આકૃયુ, આણંદ દ્વારા, રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા.૧૬/૦૩/૨૦૨૪ થી તા.૨૨/૦૩/૨૦૨૪ સુધી નડીયાદ તાલુકાના વડતાલધામ ખાતે ખાસ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતુ. આ શિબિરમાં ૫૦ જેટલા વિદ્યાર્થી સ્વંયસેવકો તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર જોડાયા હતા. ખાસ શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓએ જુદી-જુદી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ કાર્યક્રમોમાં પર્યાવરણ જાગૃતિ માટેના કાર્યક્રમો જેવા કે સ્વચ્છતા અભિયાન, સામાજીક અને પર્યાવરણ જાગૃતિ અંગેના વિવિધ પોસ્ટરો બનાવવામાં આવેલ હતા. આ ઉપરાંત ઇમરજન્સી સેવાઓ ૧૦૮ અંગેની માહિતી , ફાયર સેફ્ટી અંગેની માહિતી લક્ષ્મી નારાયણ સ્કુલના ૩૫૦ વિદ્યાર્થીઓને સાથે રાખી આપવામાં આવેલ હતી. પ્રાકૃતિક ખેતી, મિલેટના ઉપયોગ અંગે વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવેલ હતુ. વિશ્વ ચકલી દિન નિમિતે ચકલીના માળા બનાવી તેનું વિતરણ કરવામાં આવેલ હતુ. આ ખાસ શિબિરના સમાપનમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડૉ.ડી.એચ. પટેલ, કોલેજ ઓફ એ.આઈ.ટી. ના પ્રિન્સિપાલ ડૉ.વાય.આર. ઘોડાસરા , વડતાલ સ્વામિનારાયણ મંદિરના સંતો શ્યામ વલ્લભદાસ સ્વામી અને માનવ પ્રકાશ સ્વામી હાજર રહ્યા હતા. સંતોએ તેમના પ્રવચનમાં વ્યસન મુક્તિ , મા બાપની સેવા , સોશિયલ મીડીયાના સદુપયોગ અને દુરૂપયોગ વિશે ઉદાહરણ આપીને સમજાવ્યું હતું અને રાષ્ટ્રની સેવા સાથે પોતાનું જીવન ઘડતર ઘડવાની પ્રેરણા આપી હતી . ખાસ શિબિરના સફળતા પૂર્વકના આયોજન બદલ માન. કુલપતિશ્રી ડૉ.કે.બી. કથિરિયા અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડૉ.ડી.એચ. પટેલે કોલેજના પ્રિન્સિપાલ ડૉ.વાય .આર. ઘોડાસરા , પ્રોગામ ઓફીસર ડૉ.કિરણબેન ચંદ્રવાડિયા અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# એન.એસ.એસ. ખાસ શિબિરના ફોટોગ્રાફ્સ

























GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
Hvwf+29W, Vadtal, Gujarat 387375, India
Lat 22.595119°
Long 72.87311°
19/03/24 11:23 AM GMT +05:30


GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
HVWF+32X, Vadtal, Gujarat 387375, India
Lat 22.595287°
Long 72.872911°
19/03/24 11:36 AM GMT +05:30


GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
Police Station Same, Vadtal, Gujarat 387375, India
Lat 22.592492°
Long 72.874262°
21/03/24 10:57 AM GMT +05:30


GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
HVWC+2P Gomti Lake Garden, Vadtal, Gujarat 387375, India
Lat 22.59516°
Long 72.871784°
16/03/24 05:50 PM GMT +05:30


GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
Prathmik Kanya Shala Block 3, Prathmik Kanya Shala, Vadtal, Gujarat 387375, India
Lat 22.592274°
Long 72.876319°
18/03/24 04:11 PM GMT +05:30


GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
HVVF+CV3, Vadtal, Gujarat 387375, India
Lat 22.59371°
Long 72.874849°
19/03/24 03:24 PM GMT +05:30


GPS Map Camera
Google
Vadtal, Gujarat, India
HVVF+4F2, Vadtal, Gujarat 387375, India
Lat 22.59262°
Long 72.873753°
22/03/24 10:27 AM GMT +05:30


GPS Map Camera
Kheda,GJ,India
Nadiad, Kheda, 387375, GJ, India
Lat 22.592841, Long 72.873931
03/22/2024 11:44 AM GMT+05:30
Note : Captured by GPS Map Camera